☎( ૦૭૯ ) **નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી**

૨૩૨૫૩૯૦૮ ( નિરીક્ષક ) ગુજરાત રાજ્ય

૨૩૨૫૩૯૦૭ ( નાયબ નિરીક્ષક ) બ્લોક નં.- ૧૭, બીજો માળ,

૨૩૨૫૪૭૯૩ ( સહાયક નિરીક્ષક ) ડો. જીવરાજ મહેતા ભવન,

૨૩૨૫૪૬૨૦ ( નિરીક્ષકશ્રીના અં.મ.) ગાંધીનગર- ૩૮૨૦૧૦.

e-mail : exm-dat @ Gujarat gov.in

તારીખ : ૫/૦૭/૨૦૧૧

નં. એલ./એચ.ક્યુ/વહટ-૧/૨૦૧૧/ ૧૧૮૭

---

## પરિપત્ર :-

વિષય :- ઓડીટની ગુણવત્તા સુધારવા બાબત.

આથી તમામ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઓડીટની ગુણવત્તા સુધારવાના ભાગ રૂપે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના ઓડીટ વખતે ખાસ કરીને નીચેની બાબતો ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

(૧) ઓડીટ ફકરો જે બાબતનો લેવામાં આવે તેને લગતી નિયમોની જોગવાઈના આધાર સાથે ફકરામાં ઉલ્લેખ કરવો.

(૨) વણ ચુકવાયેલ ચેકો બાબતે પંચાયત અધિનિયમ નીચેના નિયમો પુસ્તક – ૪ અને ૫ તેમજ ગુજરાત તિજોરી નિયમો – ૨૦૦૨ ની જોગવાઈ મુજબ કાર્યવાહી થયેલ છે કે કેમ તે બાબત ઓડીટ વખતે ચકાસવી.

(૩) ખાસ કરીને ટ્રાયબલ જિલ્લાઓમાં, ટ્રાયબલ વિભાગની બચત ગ્રાન્ટ સક્ષમ સત્તાધિકારીની મંજુરી સિવાય અનાધિકૃત રીતે પી.એલ.એ., ટી.ડી.ઓ. માં જમા કરવામાં આવેલ છે. આ બાબત પણ ઓડીટ વખતે ચકાસવી.

(૪) દબાણ સેલે દ્વારા જિલ્લાઓમાં થયેલ દબાણોની વિગતો નીભાવવામાં આવે છે. આ વિગતો ઉપરથી જે તે સ્થળની જંત્રીના આધારે દબાણ હેઠળની મિલકતોની બજાર કિંમત નક્કિ કરવા પ્રયાસ કરી ફકરાનું ઘડતર કરવા પ્રયાસ કરવો. દબાણ હેઠળની મિલકતો ઉપર ઉપજ-દંડની વસુલાત યોગ્ય રીતે કરવામાં આવે છે કે કેમ ? તે પણ ચકાસવું.

(૫) ભાડે આપેલ મિલકતનું ભાડુ કરારની જોગવાઈ અનુસાર છે કે કેમ ? વસુલાત સમયસર થાય છે કે કેમ તે જોવું.

(૬) જિલ્લા પંચાયત નિયંત્રણ નીચેના મેલેરીયા શાખા તથા આરોગ્ય શાખા દ્વારા ખરીદવામાં આવતી મેલેરીયાની દવા સ્પેશીફીકેશન મુજબની છે તેનું ટેસ્ટીંગ યોગ્ય રીતે કર્યા બાદ જ ઉપયોગમાં લીધેલ છે કે કેમ તે બાબતો ચકાસવી. તેમજ આ ખરીદી અંગે કોઈ રેટ કોન્ટ્રાક્ટ થયેલ હોય તો તેની શરતો અનુસાર માલની ગુણવત્તા, ટેસ્ટીંગ, માલની ડીલીવરી સમયમર્યાદામાં થયેલ છે કે નહીં અને આ અંગે કોઈ પેન્લટીની જોગવાઈ